सत्यमेव जयते
ગુજરાત સરકાર

**GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, NETRANG**
**TA -NETRANG, DI-BHARUCH** **TELE. NO. (O) (02643) 283417**
**Email: gaccnetrang@gmail.com** **Website: www.gaccnetrang.ac.in**
**prin-gaccnetrang@gujgov.edu.in**

# સપ્તધારા : વાર્ષિક અહેવાલ : ૨૦૨૧-૨૨

અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગ, જિ.ભરૂચ ખાતે તા.૨૦.૦૯.૨૦૨૧ દિને સવારે૧૧.૦૦કલાકે લાઈબ્રેરી વિભાગ, સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત અને આચાર્યશ્રીના ડૉ.જી.આર.પરમારસાહેબના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં "પુસ્તકસમીક્ષા" અંગે માર્ગદર્શન માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ.અજીતભાઈ પ્રજાપતિ (લાઈબ્રેરીયન, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગ) હાજર રહ્યા હતા. સેમિનારમાં એફ.વાય.બી.કોમ અને એસ.વાય.બી.કોમ.ના ૮૦ જેટૅલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.. ડૉ.અજીતભાઈપ્રજાપતિ સાહેબ દ્વારા પુસ્તકનાં મહત્વ વિશે અને જીવનમાં પુસ્તક ક્યા ક્યા ઉપયોગી થાય એ માટેની સરળ અને સચોટ સમજ વિદ્યાર્થીઓને આપી. પુસ્તકો આપણા જીવનમાં કેટલા ઉપયોગી છે, આત્મકથાઓમાં શું શીખવા જેવું છે અને આપણને શું શીખવે છે એની માહિતી પણ આપી હતી. ડૉ.અજીતભાઈ પ્રજાપતિ સાહેબે વાત કરતા પુસ્તક સમીક્ષા કોમર્સમાં પણ કેવી રીતે ઉપયોગી થઇ રહે છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. વિદ્યાર્થીઓનો પણ ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો હતો અને દરેકવિદ્યાર્થીઓને સાહેબ ઓનલાઇન "NList" પણ કેવી રીતે પુસ્તક વાંચી શકાય તેની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. અંતે જ્ઞાનાધારા કોઓર્ડીનેટર પ્રો. દિગેશ પવારે આચાર્યશ્રી જી.આર.પરમાર સાહેબ, સપ્તાધારા કો. ઓર્ડીનેટર પ્રકાશભાઈ પરમાર સાહેબ અને પોતાના અમૂલ્ય જ્ઞાનનો લાહવો આપનાર ડૉ.અજીતભાઈ પ્રજાપતિ સાહેબનો અને વહાલા વિદ્યાર્થીઓનો આભાર માની સેમીનારનો અંત લાવ્યા.







તા.૨૪.૦૯.૨૦૨૧ નાં રોજ સપ્તાધારા પ્રકલ્પની જ્ઞાનધારા, કોમર્સ વિભાગ અને આચાર્યશ્રી ડૉ જી. આર.પરમાર સાહેબના માર્ગદર્શન અંતર્ગત "વ્યક્તિત્વ પરિચય" વિષય પર વ્યાખ્યાન ૧૨.૩૦


કલાકે આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં આચાર્ય શ્રી ડૉ.જી.આર.પરમાર સાહેબ ઉપાચાર્ય પ્રો. જે.સી.ઠાકોર સાહેબ ,સપ્તધારા કોર્ડીનેટર પ્રો. પ્રકાશભાઈ પરમાર, IQAC કોડિનેટર ડૉ.જશવંત રાઠોડ સાહેબ ,અધ્યાપક મિત્રો અને એફ.વાય.બી.કોમ, એસ.વાય.બી.કોમ. અને ટી.વાય.બી.કોમનાં કુલ ૩૦ વિધાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત આચાર્ય શ્રી ડૉ.જી.આર.પરમાર સાહેબે વિદ્યાર્થીઓનો શાબ્દિક શબ્દોથી એમનો ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ એંકર તરીકે પ્રો.દિગેશ પવાર સાહેબે વિદ્યાર્થીઓને આજના દિવસ માટે પ્રોત્સાહિત કરી સ્ટેજ ખુલ્લો મૂક્યો હતો. વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદ, ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ, મધર ટેરેસા, બાબા સાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, રાજા રામમોહન રાય, સ્ટીવ જોબ્સ, વિનોબા ભાવે, રાણી લક્ષ્મીબાઈ, જ્યોતિબા ફૂલે,, ધીરુભાઈ અંબાણી, અમિતાભ બચ્ચન , નરેન્દ્ર મોદી, સફિન હસન વગેરે જેવા અનેકો મહાનુભવોનો પરિચય કરાવ્યો. આવા સુંદર અને વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમ માટે આચાર્ય શ્રી.ડૉ.જી.આર.પરમાર સાહેબે સપ્તધારા કોર્ડીનેટર પ્રો. પ્રકાશભાઈ પરમાર, જ્ઞાનધારા કોડિનેટર પ્રો. દિગેશ પવાર અને કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. યોગેશભાઈ ચૌધરી સાહેબને પ્રોત્સાહન પૂરું પાડ્યું અને વિદ્યાર્થી ઉપયોગી આવા કાર્યક્રમો થતા રહે તેવું જણાવ્યું હતું. અંતમાં IQAC કો.ઓર્ડીનેટર ડૉ.જશવંત રાઠોડ સાહેબે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા પ્રો. પ્રકાશ પરમાર સાહેબે આ ખૂબ જ ઉપયોગી જ્ઞાનનો લાહવો આપવા બદલ અને વિદ્યાર્થીઓને આવા ભવિષ્યમાં પણ ઉત્તમ કાર્યક્રમ થતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી. અને અંતે આભાર વ્યક્ત કરી કાર્યક્રમનો અંત લાવ્યો.






**તા. ૨૧.૧૦.૨૦૨૧નાં રોજ જ્ઞાનધારા અંતર્ગત "ભગવદ્ ગીતા અને યુવાનો" વિષય પર કોલેજની F.Y.B.Aની વિદ્યાર્થીની મિતાલી ટીબા દ્વારા એક વ્યાખ્યાન સવારે ૧૧.૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું.કાર્યક્રમમાં ઉપાચાર્ય પ્રો. જે.સી.ઠાકોર સાહેબ , સપ્તધારા કો. ઓર્ડીનેટર પ્રો. પ્રકાશ પરમાર સાહેબ, જ્ઞાનધારા કો. ઓર્ડીનેટર પ્રો દિગેશ પવાર સાહેબ, IQAC કો. ઓર્ડીનેટર ડૉ. જસવંત રાઠોડ સાહેબ તેમજ અધ્યાપક મિત્રો અને કૉલેજના કુલ 125 વિધાર્થીઓ હાજર રહ્યા હતા. મિતાલી એ ગીતાના શ્લોક દ્વારા પોતાના વક્તવ્યની શરૂ કરી ગીતાના મહત્વની વાતો કરી. એમને પોતાના PREAENTATION દ્વારા એ પણ જણાવ્યું કે આપણો પેલો Motivator કિષ્ણાને જણાવ્યો જેણે નિરાશને મનથી હારી ગયેલા અર્જુનને યુદ્ધ માટે તૈયાર કરી યુદ્ધ જીત્યું. આજના વિદ્યાર્થીઓએ ગીતામાંથી શુ શીખવા જેવું છે એની વાતો કરી.વિદ્યાર્થીઓએ પોતાના ગોલ ઊંચા રાખી એ ધ્યેય પૂરો નાં થાય ત્યાં સુધી તે પાછળ પડ્યા રહો જેવી ખૂબ જ પ્રોત્સાહક વાતોથી વાતાવરણમાં અલગ જ પ્રકારનો ઉત્સાહ વધાર્યો. અંતે IQAC કો.ઓર્ડીનેટર ડૉ. જસવંત રાઠોડ સાહેબે આ ખૂબ જ ઉપયોગી જ્ઞાનનો લાહવો આપવા બદલ અને વિદ્યાર્થીઓમાં**

સકારાત્મક એવા વિચારો આપવા બદલ વિદ્યાર્થીની મિતાલીનો, માર્ગદર્શક એવા ડો.જી.આર.પરમાર સાહેબ, ઉપાચર્યશ્રી પ્રો. જે.સી.ઠાકોર સાહેબ, સાથી અધ્યાપક મિત્રોનો અને ખાસ તો વિદ્યાર્થીઓ અંત સુધી આટલી શાંતિ જાળવી રાખી તે બદલ આભાર વ્યક્ત કરી કાર્યક્રમનો અંત લાવ્યો








અત્રેની કોલેજમાં સંસ્કૃત વિભાગ, સપ્તધારા અને IQACના સંયુક્ત ઉપક્રમે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનેસંસ્કૃતભાષા પ્રત્યે રસવૃતિ કેળવાય એ હેતુથી સંસ્કૃત સપ્તાહ ઉજવવામાં આવ્યું. તેમા સપ્તાહ દરમિયાન જુદા જુદા પ્રકલ્પો દ્વારા સ્વ-પરીચય કથન,સંસ્કૃતભાષામાં નિબંધલેખન / સુલેખન, સંસ્કૃત પ્રવેશિકા ઓન લાઇન ક્વીઝ,શ્લોક ગાન સ્પર્ધા,સંસ્કૃત વાર્તા કથન સ્પર્ધા,પોસ્ટર મેકિંગ- પ્રદર્શિનિવગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રીએ સંસ્કૃતભાષા અને તેમાં સમાયેલ જીવનમૂલ્યો વિશે માર્ગદર્શન આપ્યુ હતું. આ સ્પર્ધામા અત્રેની કોલેજના રસરુચિ ધરાવતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. પી.આર. પરમારએ અને સંસ્કૃતવિભાગના વ્યાખ્યાતા પ્રો. નરેશભાઇ બી વસાવા એ ભૂમિકા ભજવી હતી.ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. પી.આર. પરમારએ કાર્યક્રમને અંતે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતવિભાગના અધ્યક્ષ ડૉ. એસ.આર. વસાવા કર્યુ હતું.આ સમગ્ર સંસ્કૃત સપ્તાહમાં કૉલેજ પરિવારના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો છે.



તા.21/8/2021ના રોજ સંસ્કૃતભાષામાં નિબંધલેખન / સુલેખનનું આયોજન કરવામાં આવેલ, કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઇ. નિબંધલેખન / સુલેખનનું સ્પર્ધામા અત્રેની કોલેજના 30 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. પી.આર. પરમારએ અને સંસ્કૃતવિભાગના વ્યાખ્યાતા પ્રો. નરેશભાઇ બી વસાવાએ ભૂમિકા ભજવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતવિભાગના અધ્યક્ષ ડૉ. એસ.આર. વસાવા કર્યુ હતું. તા. 22/8/2021ના સંસ્કૃત પ્રવેશિકા ઓન લાઇન ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામા અત્રેની કોલેજના 71 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે એકાઉન્ટસી વિભાગના અધ્યક્ષ પ્રો. દિગેશ વી. પવાર અને સંસ્કૃતવિભાગના વ્યાખ્યાતા પ્રો. નરેશભાઇ બી વસાવાએ ભૂમિકા ભજવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતવિભાગના અધ્યક્ષ ડૉ. એસ.આર. વસાવા કર્યુ હતું.


તા. 23/8/2021ના શ્લોક ગાન સ્પર્ધાઅને સંસ્કૃત ગીતગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતસંસ્કૃત વિષયના પ્રો. નરેશભાઇ બી વસાવાએ શાંતિમંત્રના ઉચ્ચારથી કર્યું. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રીએ સંસ્કૃતભાષાના શ્લોકો અને તેમાં સમાયેલ નીતિ, સદાચાર, સત્ય, જીવનમૂલ્યો વિશે માર્ગદર્શન આપ્યુ હતું. માઇક્રોસોફ્ટ ટીમના ઓનલાઇન માધ્યમથી નિમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારીયાના પ્રિ. ડૉ. ગાયત્રી બારોટ સંસ્કૃત ભાષાનું મહત્વ એ વિષય પર પ્રેરણાદાયક અને મનનીય


વ્યાખ્યાન આપ્યુ હતું, આ શ્લોક ગાન સ્પર્ધામાં અત્રેની કોલેજના 21 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે અર્થશાસ્ત્રવિભાગના વ્યાખ્યાતા પ્રો. દીનાબેન ધંધુકીયા અને સમાજશાસ્ત્રવિભાગના વ્યાખ્યાતા પ્રો. હીનાબેન સી. વસાવાએ ભૂમિકા ભજવી હતી.હિંદીવિભાગના અધ્યક્ષા ડૉ. જયશ્રીબેન દેસાઇએ કાર્યક્રમને અંતે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતવિભાગના અધ્યક્ષ ડૉ. એસ.આર. વસાવા કર્યુ હતું.

તા. 24/8/2021ના સંસ્કૃત વાર્તા કથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઇ. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને સંસ્કૃતભાષામાં વાચન, આરોહ – અવરોહ, હાવભાવ અને ઉચ્ચારણ વગેરેના મહત્વ વિશે માહિતગાર કર્યા હતા. આ સ્પર્ધામા અત્રેની કોલેજના 14 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે હિંદી વિભાગના પ્રો. એસ..સી. વસાવા અને સંસ્કૃતવિભાગના વ્યાખ્યાતા પ્રો. નરેશભાઇ બી વસાવાએ ભૂમિકા ભજવી હતી.હિંદી વિભાગના પ્રો. એસ..સી. વસાવાએ કાર્યક્રમને અંતે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતવિભાગના અધ્યક્ષ ડૉ. એસ.આર. વસાવા કર્યુ હતું.

તા.25/8/2021ના રોજ પોસ્ટર મેકિંગ- પ્રદર્શિનિ અને સમાપન સત્રનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રીએ સંસ્કૃતભાષા વિશે અધ્યક્ષીય પ્રવચન આપ્યુ હતું. આ સ્પર્ધામા અત્રેની કોલેજના 14 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે હિંદી વિભાગના પ્રો. એસ..સી. વસાવા અને સંસ્કૃતવિભાગના વ્યાખ્યાતા પ્રો. નરેશભાઇ બી વસાવાએ ભૂમિકા ભજવી હતી.હિંદી વિભાગના અધ્યક્ષા ડૉ. જયશ્રીબેન દેસાઇએ કાર્યક્રમને અંતે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતવિભાગના અધ્યક્ષ ડૉ. એસ.આર. વસાવા કર્યુ હતું. આ સમગ્ર સંસ્કૃત સપ્તાહમાં કૉલેજ પરિવારના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો છે.



## સંસ્કૃત સપ્તાહ : વિજેતા સ્પર્ધકોની યાદી

| સ્પર્ધાનુંનામ | વિજેતાવિદ્યાર્થીઓનું નામ | વર્ગ |
|---|---|---|
| સંસ્કૃતભાષામાંસ્વ-પરીચય કથન | 1. વસાવા અંજલિબેન રમેશભાઇ | TYBA |
| | 2. માછી નિકિતાબેન એમ | SYBA |
| | 3. વસાવા ગુરૂભાઇ ચંપકભાઇ | TYBA |
| | 3. વસાવા હેતલબેન છનાભાઇ | TYBA |
| સંસ્કૃતભાષામાં નિબંધલેખન / સુલેખન | 1 વસાવા હેતલબેન છનાભાઇ | TYBA |
| | 2. વસાવા દિપિકા નારસિંગભાઇ | TYBA |
| | 3.વસાવા નિરાલીબેન ભાવસિંગભાઇ | SYBA |
| | 3. રૂપાપરા દક્ષાબેન પોરસોત્તભાઇ | SYBA |
| સંસ્કૃત પ્રવેશિકા ઓન લાઇન ક્વીઝ | 1. વસાવા અનામિકાબેન અલ્પેશભાઇ | TYBA |
| | 2. વસાવા પરિમલભાઇ રવિંદ્રભાઇ | SYBA |
| | 3. વસાવા સોનલબેન શંકરભાઇ | SYBA |
| શ્લોક ગાન સ્પર્ધા | 1. વસાવા નિકીતાબેન ડી. | TYBA |
| | 2. વસાવા અનામિકાબેન અલ્પેશભાઇ | TYBA |
| | 3. વસાવા અસ્મિતાબેન અશોકભાઇ | TYBA |
| ગીતગાન સ્પર્ધા | 1. વસાવા હિરલબેન એસ. | SYBA |
| | 2. વસાવા શ્રીયક્ષભાઇ કે. | TYBA |
| | 2. વસાવા રાહુલભાઇ એ. | SYBA |
| | 3. કોટવાડિયા સતીષભાઇ | TYBA |
| સંસ્કૃત વાર્તા કથન સ્પર્ધા | 1. વસાવા હેતલબેન આર. | SYBA |
| | 2. વસાવા હેતલબેન છનાભાઇ | SYBA |
| | 3. વસાવા પ્રિયંકાબેન | SYBA |
| પોસ્ટર મેકિંગ-પ્રદર્શિનિ | 1. વસાવા દિપિકા નારસિંગભાઇ | TYBA |
| | 2. વસાવા અંજલિબેન રમેશભાઇ | TYBA |
| | 3. રૂપાપરા દક્ષાબેન પોરસોત્તભાઇ | SYBA |
| | 3. વસાવા રશિદાબેન મણિલાલ | SYBA |

ખેલકૂદ,વ્યાયામ અને યોગધારા અંતર્ગત **અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગ ખાતે નેશનલ સ્પોર્ટસ - ડે નિમિત્તે તા. 29-8-2021 ના રોજ નેશનલ સ્પોર્ટસ-ડે ની ઉજવણી કરવામાં આવેલ. કોલેજના આચાર્યશ્રી ડૉ. જી.આર.પરમાર સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજના સ્પોર્ટસ ઇંન્ચાર્જ અને ખેલ-કૂદ-વ્યાયામ ધારાના કોર્ડિનેટર ડૉ.સંજયભાઈ આર વસાવા અને ખેલ-કૂદ-વ્યાયામ ધારાના ઉપાધ્યક્ષ પ્રો. ગામીત અર્જુનભાઈ, સપ્તધારા કો-ઓર્ડિનેટર અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. જે.વી. દેસાઇ તેમજ કૉલેજ ના સમગ્ર પરિવારે આયોજન કરી નેશનલ સ્પોર્ટસ-ડેને સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં 157 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ દિવસે વિવિધ ઇન્ડોર અને આઉટડોર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. ચેસ, ખો-ખો, લાંબી કુદ, દોડ, ક્રિકેટ, કબડ્ડી વગેરે રમતોમાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.**








તા. 8-1-2022 ના રોજ અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગ ખાતે વિવિધ ડે ની ઉજવણી નિમિત્તે સ્પોર્ટસ-ડેની ઉજવણી કરવામાં આવેલ. કોલેજના આચાર્યશ્રી ડૉ. જી.આર.પરમાર સાહેબ અને ઉપાચાર્ય પ્રો. જે.સી. ઠાકોરના માર્ગદર્શન હેઠળ કોલેજના સ્પોર્ટસ ઇંન્ચાર્જ અને ખેલ-કૂદ-વ્યાયામ ધારાના કોર્ડિનેટર ડૉ. સંજયભાઈ આર વસાવા અને ખેલ-કૂદ-વ્યાયામધારાના ઉપાધ્યક્ષ પ્રો. ગામીત અર્જુનભાઈ  તેમજ કૉલેજના સમગ્ર પરિવારે આયોજન કરી સ્પોર્ટસ-ડેને સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી. આ સ્પોર્ટસ-ડેમાં કબડ્ડી, લાંબીકૂદ અને ઉચીકૂદ(ભાઇઓ-બહેનો), દોડ (100,200,400,800 મીટર ભાઇઓ-બહેનો), ગોળા ફેંક( ભાઇઓ-બહેનો), ચક્ર ફેક (ભાઇઓ-બહેનો), સંગીત ખુરસી (ભાઇઓ-બહેનો), લીંબુ ચમચી(ભાઇઓ-બહેનો), સિક્કા શોધ(ભાઇઓ-બહેનો), બરછી ફેંક, વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું. કૉલેજના દરેક અધ્યાપકે પોતાને સોંપાયેલી કામગીરી પૂર્ણ કરી હતી. આ કાર્યક્રમમાં 475 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.










અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગ, જિ.ભરૂચ શૈક્ષણિક વર્ષ 2021-22 નો કલા-મહાકુંભમાં ભાગ લીધેલ કાર્યક્રમો અંગેનો અહેવાલ આ પ્રમાણે છે.ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા “આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વર્ષ 2021-22માં કલા –મહાકુંભનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. નેત્રંગ તાલુકા કક્ષાના કલા મહાકુંભનું આયોજન તારીખ 04-02-2022 ના રોજ રમત ગમત અધિકારી શ્રી ની કચેરી ભરુચ દ્વારા શ્રીમતિ એમ.એમ. ભકત હાઈસ્કુલ, નેત્રંગ ખાતે યોજાયો હતો. ત્યારબાદ આમારી કૉલેજે તારીખ 04-02-2022 ના રોજ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમ કે લોકનૃત્ય, ગરબા, સમૂહગીત, નિબંધ લેખન ,**ચિત્ર સ્પર્ધા , કાવ્ય લેખન , વાર્તા લેખન , ગઝલ- શાયરી લેખન , જેવી પ્રવૃતિઓમાં ભાગ લઈને** વિદ્યાર્થીઓએ **કોલેજનુ પ્રતિનિધિત્વ કર્યુ. જેમાં જિલ્લા કક્ષાએ તારીખ 08-02-2022 ના 09-02-2022 સુધી બે દિવસનો કાર્યક્રમ ભરુચ જિલ્લાના ચાવજ મુકામે આનંદ નિકેતન હાઈસ્કુલમાં યોજાયો હતો.** સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગ, જિ.ભરૂચ ના **આચાર્યશ્રી ડૉ.ગણપતભાઈ આર. પરમાર સાહેબ અને સાંસ્કૃતિક સમિતિના** અધ્યક્ષશ્રી તરુલતા બેન ડી ચૌધરી, પાટણવાડિયા હસમુખભાઈ યુ. અને સમિતિના સભ્યોએ **વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરુ પાડીને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં જિલ્લા કક્ષાએ** લોકનૃત્યઅને ગરબા **પ્રથમ ક્રમાંકે , સમુહ ગીત દ્વિતીય ક્રમાંકે અને ગઝલ શાયરી લેખન માં તૃતીય ક્રમાંક મેળવી સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો.**

અત્રેની સરકારી વિનયન અને વાણિજય કોલેજ નેત્રંગ ખાતે સપ્તધારા અંતર્ગત તાલુકા કક્ષાના યુવા ઉત્સવ જે થવા મુકામે યોજાયો હતો જેમાં ગીત સંગીત અને નૃત્ય ધારા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગીત સંગીત અને નૃત્યધારાના કોર્ડીનેટર પ્રાધ્યાપિકા તરૂલતા બેન ચૌધરી જઓના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃતિઓ જેમકે હળવું કંઠ્ય,





ગઝલ શાયરી લેખન ,કાવ્ય લેખન ,દુહા છંદ, સર્જનાત્મક અભિવ્યક્તિ, સમૂહ ગીત, લગ્ન ગીત, વક્તૃત્વ સ્પર્ધા નિબંધ સ્પર્ધા આમ વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ઉમળકાભેર ભાગ લીધો હતો જેમાં તાલુકા કક્ષાના યુવા ઉત્સવમાંહળવું કંઠ્ય સંગીતમાં (પ્રથમ ક્રમાંકે વસાવા હિરલબેન દિલીપભાઈ),દુહા છંદ માં (પ્રથમ ક્રમાંકે વસાવા રીંકલબેન શાંતિલાલભાઈ), સર્જનાત્મક અભિવ્યક્તિ માં (પ્રથમ ક્રમાંકે કોટવાળીયા સતિષભાઈ રાજુભાઈ), વક્તૃત્વ સ્પર્ધામાં (પ્રથમ ક્રમાંકે વસાવા જીગ્નેશભાઈ જયંતીભાઈ), લોકવાધ્ય માં (પ્રથમ ક્રમાંકે વસાવા રસિકભાઈ રેશમભાઈ), ગઝલ શાયરી લેખન માં (પ્રથમ ક્રમાંકે વસાવા રાહુલભાઈ) પ્રાપ્ત કર્યો હતો.

અમારી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે આચાર્યશ્રી, ડૉ.જી.આર.પરમાર સાહેબના નેજા હેઠળ સપ્તધારા તેમજ ગીત સંગીત અને નૃત્ય ધારા અંતર્ગત વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ પોતાની કલાને પ્રદર્શિત કરવા સુસજ્જ થયા હતા. ગીત-સંગીત નૃત્ય ધારા ના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર પ્રાધ્યાપિકા તરુલતાબેન ચૌધરીના તેમજ. પ્રા. હસમુખભાઈ પાટણવાડિયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જેમાં આજરોજ પ્રાર્થના વિદ્યામંદિર ખાતે જિલ્લાકક્ષાનો યુવા ઉત્સવ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં વિજેતા થયા હતા.સર્જનાત્મક અભિવ્યક્તિમા -પ્રથમ ક્રમાંકે કોટવાળીયા સતીશ,લોકવાદ્ય તબલા પ્રથમ ક્રમાંકે વસાવા રસિકભાઈ રેશમા ભાઈ, હળવું કંઠ્ય સંગીતમાં - બીજા ક્રમાંકે વસાવા હિરલબેન લાવ્યા હતા. તે સિવાય **દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ 2020-21માં આશ્રમશાળા ભકતાશ્રમ વિજલપોર નવસારી ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગથી તારીખ 30-10-21 ના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિ માં સતિષ કોટવાડિયા એ પોતાની કલાને ઉજાગર કરી કોલેજ નુ પ્રતિનિધિત્વ કર્યુંહતુ.**





*પ્રકાશ આર. પરમાર*
<u>સપ્તધારા કો-ઑર્ડિનેટર</u>

*ડૉ.જી.આર. પરમાર*
<u>આચાર્યશ્રી</u>